

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ તૃતીયા તા. ૪ નવેમ્બરના ૩:૨૪ સુધી, ત્યાર બાદ ચતુર્થી |
| વાર | મંગળ |
| નક્ષત્ર | તા. ૪ નવેમ્બર ૨:૩૦ સુધી રોહિણી, ત્યાર પછી મૃગશીર્ષ |
| કરણ | વણિજ બપોરે ૨:૨૧ સુધી, ત્યાર બાદ વિષ્ટિ ૪ નવેમ્બરના ૩:૨૪ સુધી, પછી બવ |
| યોગ | પરિઘ તા. ૪ નવેમ્બર ૬:૩૯ સુધી, ત્યાર બાદ શિવ |
| આજની રાશિ | વૃષભ |
| રાશિના અક્ષરો | બ. વ. ઉ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**

આજે નવા પ્રશ્નો હશે તેથી નવી પદ્ધતિ સાથે એ પ્રશ્નોનું નિરાકરણ લાવજો. જો જુની પદ્ધતિ અપનાવશો તો તાલીફ એ થશે કે એ પ્રશ્નો જલદી સોલ્વ નહીં થાય. આજે ઘરમાં રહેતાં લોકોની સલાહ લઈને કોઈ પણ કામ કરજો. એમની પરવાનગી વગર થયેલા કામોમાં ડખો થવાની પૂરી સંભાવના રહેશે. બિઝનેસમાં આર્થિક લાભ અને નોકરીમાં મધ્યમ પ્રકારનો દિવસ.

**વૃષભ (બ. વ. ઉ.)**

આજે પોતાની જાત પ્રત્યે વધુ પ્રેમ ઉભરાશે. એવું લાગશે, કે અત્યાર સુધી આપે પોતાની જાતને ઈગ્નોર કરી છે, બહુ મહત્વ નથી આપ્યું. વિશેષ લાભ એ લોકોથી થાય જે આપના સગાં કે સંબંધીઓ હોય. બિઝનેસ માટે સારો દિવસ ગણી શકાય. નોકરી કરતાં લોકોને મહેનત વધારે કરવી પડે, જેનાથી ભવિષ્યમાં લાભ થાય. પણ, લાભ મેળવવા ધીરજ રાખજો.

**મિથુન (ક. છ. ઘ)**

આજે કામ કરવાના મૂડમાં નથી આપ. લોકો સાથે ગપાટા મારવામાં સમય વધારે પસાર થાય. બીબાંઢાળ રૂટિનથી આપ થોડા કંટાળેલા છો. આપને એક બ્રેકની જરૂર છે. આજના દિવસે જતું કરશો તો ભાગ્ય સાથ આપશે. નવાઈ લાગે એવું છે ને? ઘણી વાર, આપ નાની બાબતોમાં દરગુજર કરો તો મોટા લાભ થતાં હોય છે. આજનો દિવસ કંઈક એવો જ છે. તબિયત નાજુક રહેશે.

**કર્ક (ડ. હ.)**

જો આપ પોતાનો સ્વતંત્ર ધંધો કરતાં હોવ તો આજનો દિવસ વિશેષ મહત્વ ધરાવે છે. આજે આપને આર્થિક ઉન્નતિ મળે એમ છે પણ કોઈ નેગોશીએટ કરે તો આપ લાગણીમાં તણાઈ ન જતાં. ધંધો એની જગ્યાએ અને સંબંધ એની જગ્યાએ. આજના દિવસે મિત્રવર્તુળ વિસ્તરે. સોશિયલ મીડિયા પર નવા મિત્રો બને. પ્રેમમાં પડવાની પૂરી શક્યતાઓ છે.

**સિંહ (મ. ટ.)**

આજે મહેનત કરવાનો દિવસ છે. આજનું વાવેલું કાલે ઉગી નીકળશે, એટલે કે આજે જે કામ કરશો તેના દ્વારા ભવિષ્યમાં સારો એવો લાભ થશે. આજે હિંમત કરશો તો બિઝનેસમાં ફાયદો થશે. નોકરીયાતો પોતાનું કૌવત દેખાડી શકશે. પરિવારના સભ્યો આપનો સમય માંગશે પણ આજે કદાચ આપ ઘણાં વ્યસ્ત રહેવાના છો. આપ ઈચ્છશો કે પરિવાર આપને વધારે મહત્વ આપે.

**કન્યા (પ. ઠ. ણ)**

આપનો તર્ક અને આપનું ગણિત આજે સાચાં પડતાં જણાશે. આજે વિશેષ ધ્યાન એ બાબતો પરત્વે જશે જે બાબતો આપે ભૂતકાળમાં ઈગ્નોર કરી હોય, અવગણી હોય. આજે દૂર વસવાટ કરતાં લોકો સાથે સંપર્ક થાય અને તેમના તરફથી કામ મળે અથવા સારા સમાચાર મળે. જો આપ નોકરી કરતાં હોવ તો જવાબદારીમાં વધારો થશે. આપ બે વાર વિચારીને વધારાની જવાબદારીઓ અંગે નિર્ણય લેજો.

**તુલા (ર. ત.)**

અસંતુલન આપને અપસેટ કરી નાખે છે. આજે આર્થિક અને પારિવારિક બાબતોમાં અસંતુલન જણાશે. આપ ઈન્વેસ્ટમેન્ટ કરવા અંગે વિચારશો જ નહીં કેમ કે દિવસ આપની તરફેણમાં નથી. જો ભૂતકાળમાં ઈન્વેસ્ટ કર્યું હોય તો તે અંગે આપ વિચાર્ કરશો. શક્ય હોય તો આજે આરામ વધુ કરજો અને કામ ઓછું કરજો કેમ કે આપની ઊર્જા ધીમી પડી રહી છે. જો કે, કાલનો દિવસ આજ કરતાં વધુ સારો છે.

**વૃશ્ચિક (ન. ય.)**

જો આપના લગ્ન નથી થયાં તો આજે લગ્ન કરવા માટેના વિચારો આવે. યોગ્ય પાત્રની તલાશ કરશો તો તે પૂરી પણ થશે. ભાગીદારીના વ્યવસાયમાં મહત્વના કામો થાય. સ્વતંત્ર વ્યવસાય કરતાં લોકો, પોતાની પ્રોડક્ટ કે સર્વિસ માટે વધારે સભાન બનશે. જો આપ પરણિત હોવ તો આજનો દિવસ રોમેન્ટિક અને સરસ રહેશે.

**ધન (ભ. ફ. ધ. ઢ)**

થાક ઉતર્યો કે નહીં? આજના દિવસે પણ હજુ ધીરે ધીરે હળવે હળવે કામ કરજો. ખૂબ ઊર્જા વપરાઈ ચૂકી હોવાથી, આપ આજે બહુ પરિશ્રમ ન કરતાં. ભવિષ્યની ચિંતા એટલે ન કરતાં કે આપની પાસે મજબૂત ભૂતકાળ છે, જે ભવિષ્યનો પાયો જ છે. આજના દિવસે આપ લોકસંપર્ક કરવાના મૂડમાં નહિ હોવ. માત્ર જરૂરી હોય તેટલાં જ કામો કરી અને બાકીનો સમય આરામ કરશો.

**મકર (ખ. જ.)**

નોકરી ધંધામાં આપ સ્વબળે આગળ આવશો. બીજા લોકો આપની સરાહના કરશે. આપના કામના અને કાર્યપધ્ધતિના વખાણ થશે. નવી સ્ટ્રેટેજી બનાવવા માટે દિવસ શુભ છે. બિઝનેસ કે નોકરીમાં આપનું પ્રદાન ઘણું સારું રહેશે. આજના દિવસે ધનઉપાર્જનની લાલસા વધવાની છે. જો પ્રોપર પ્લાનિંગ કરશો તો બધાં સપના પૂરાં થશે.

**કુંભ (ગ. શ. સ.)**

ભલે આપ કામ પર જાઓ પણ આપનું મન તો ઘરે જ હશે. પરિવાર, ઘરનું સુશોભન અને ઘરની જવાબદારીઓ – આ બધાં મુદ્દાઓ અંગે આપના વિચારો સતત ચાલ્યા કરશે. આજે એવું લાગશે કે 'આ બધું શા માટે આટલું અઘરું હોય છે?' પણ આપ હિંમત ગુમાવ્યા વિના પરિવારને અને કામને બેલેન્સ કરશો. નવા બિઝનેસની તક મળે અથવા અધૂરાં કાર્યો આગળ વધે. પૂર્ણતાને વાર છે.

**મીન (દ. ચ. ઝ. થ)**

આજના દિવસને આપ સરસ રીતે હેન્ડલ કરશો. આજે આપ દિવસનો પ્લાન બનાવશો. અગાઉથી બધું જ નક્કી હશે કે આપ કેટલાં વાગે શું કરતાં હશો. ગુસ્સો નહિ આવે અને મૂડ સ્વીંગ પણ નહીં થાય. આજે આપ ખુશ રહેશો અને અન્ય લોકોને ખુશ રાખી શકશો. વિચારો એકધારાં અને સાચી દિશામાં હોવાથી, દિવસ સફળ રહેશે.

### કંપની સમાચાર

## સંતાન પ્રાપ્તિની સારવારનો નવતર અભિગમ : IVF @ Home

ભારતમાં ૫૦ લાખથી વધુ લોકો કોરોનાગ્રસ્ત બન્યા હોવા છતાં દેશ અનલોક-૫ માટે તૈયાર થઈ રહ્યો છે અને કેન્દ્ર સરકારનુ ગૃહ મંત્રાલય અનલોક-૫ની પ્રક્રિયા દરમ્યાન પાલન કરવાની માર્ગરેખાઓ જાહેર કરી છે ત્યારે અમે નવાં ધોરણો અપનાવીને સંપર્ક વિહીન કામગીરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે અને તેને તમામ વર્ગોમાંથી સારો પ્રતિભાવ મળી રહ્યો છે. રિટેઈલ હોસ્પિટલીટી હોય કે હેલ્થકેર, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીંગ અને સેનેટાઈઝર હવે મહત્વના બની ગયાં છે. ઓએસિસ ફર્ટિલિટીનાં મેડિકલ ડિરેક્ટર અને સહસ્થાપક ડૉ. દુર્ગા રાવ જણાવે છે કે 'વંધ્યત્વએ જાહેર આરોગ્યની વૈશ્વિક સમસ્યા છે અને ભારતમાં દર ૬ યુગલમાંથી એક ને વંધ્યત્વની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. વાસ્તવિકતા એ છે કે દરેક મહીનો વિતવાની સાથે મહિલાને ગર્ભધારણ થવાની સંભાવના કથળતી જાય છે. એ પણ હકીકત છે કે તાણ અનુભવતી મહિલાની તુલનામાં હકારાત્મક અભિગમ ધરાવતી મહિલાઓને સગર્ભા થવાની વધુ તક હોય છે. આથી એવુ માનવામાં આવે છે કે કુદરતી રીતે સંતાન પ્રાપ્તીમાં મુશ્કેલી જણાય ત્યારે ફર્ટિલિટી ક્લિનિકની મુલાકાત લેવાય તો ગર્ભધારણની તકો વધી જાય છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૮૭૫ કેસ

## ગુજરાતમાં કોરોનાથી કુલ ૪ લોકોનાં મોત : રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૧૫૭૮૧૧ ટેસ્ટ કરાયા તેમજ ૧૫૮૨૫૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૨

રાજ્યમાં કોરોનાની સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૮૭૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૦૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૫૮૨૫૧ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૬૦ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨૮૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૩.૫૪ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬૧૫૭૮૧૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૨૨૫૩૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૨૨૪૩૨ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

જ્યારે ૧૦૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૬૦ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨૭૦૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર ઉપર ૫૮ છે. જ્યારે ૧૨૬૪૨ લોકો સ્ટેબલ છે. ૧૫૮૨૫૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૨૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૨, સુરત કોર્પોરેશન ૧, બનાસકાંઠા ૧ સહિત કુલ ૪ દર્દીઓનાં કોરોના વાયરસના કારણે મોત નિપજ્યાં છે.

# અરવલ્લી એલસીબીનો સપાટો

## મોડાસા ટોલટેક્ષ પાસેથી સેવરોલેટ કારમાંથી ૯૧ હજાર અને અણીયોર કંપા પાસેથી અલ્ટીસ કારમાંથી ૮૮ હજારનો શરાબ જપ્ત

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલ



આંતરરાજ્ય સરહદો પરથી બુટલેગરો મોટા પ્રમાણમાં વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂનો જથ્થો ઠાલવી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર દારૂની હેરાફેરી અટકાવવા દોડધામ કરી રહી છે. અરવલ્લી એલસીબી પોલીસે મોડાસા ટોલટેક્ષ પ્લાઝા પરથી સેવરોલેટ કારમાં ડેકીમાં સંતાડીને ઘુસાડાતા ૯૧ હજારથી વધુના વિદેશી દારૂના જથ્થા સાથે રાજસ્થાનના બુટલેગરને ઝડપી લીધો હતો. એલસીબી પોલીસે માલપુર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલ અણીયોર કંપા નજીક ચોકડી પરથી નંબર પ્લેટ વગરની ટોયાટો અલ્ટીસ કારમાંથી ૮૮ હજારના વિદેશી દારૂ સાથે ખેપિયાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એસપી સંજય ખરાતે જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગ થતી વિદેશી દારૂની હેરાફેરી બંધ કરવા શખ્ત કાર્યવાહીના આદેશના પગલે જીલ્લામાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતા વાહનો સતત ઝડપાઈ રહ્યા છે. એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે મોડાસા ટોલપ્લાઝા નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતી સેવરોલેટ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ, ક્વાટરીયા, પાઉચ મળી કુલ નંગ ૯૧૨, કિં. રૂ.૯૧૨૦૦નો જથ્થો જપ્ત કરી કારચાલક દિનેશ આશુરામ મેવાડા (રહે, કલાલખાડી, રાયપુર-રાજસ્થાન)ને ઝડપી પાડી વિદેશી દારૂ અને કાર મળી કુલ રૂ. ૨૯૧૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અરવલ્લી એલસીબી



પોલીસે માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અણીયોર કંપા ચોકડી નજીક વોચ ગોઠવી હતી, માલપુર તરફથી આવતી નંબર વગરની અલ્ટીસ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ-બિયર બોટલ નંગ-૩૭૨ કી. રૂ. ૮૮૮૦૦નો જથ્થો જપ્ત કરી હરિશચંદ્ર વલ્લભરામ કોપસા (રહે. ઝંપા-રાજસ્થાન) ને ઝડપી પાડી વિદેશી દારૂ અને કાર મળી કુલ રૂ.૫૮૮૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અરવલ્લી એલસીબી પોલીસે બંને બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસાના કાંટ ગામનું ગૌરવ

## કબડ્ડીમાં નેશનલકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ડીસા, તા. ૨

કોરોના મહામારી વચ્ચે પણ રમતગમત ક્ષેત્રે કૌવત દાખવતા યુવાનો પોતાના ગામનું નામ રોશન કરતા હોય છે, જેમાં બનાસકાંઠા જેવા અંતરિયાળ સરહદી વિસ્તારના યુવાનો રમત ગમત ક્ષેત્રે કાઠું કાઢી નેશનલ અને ઈન્ટરનેશનલ ક્ષેત્રે પોતાનું કૌવત બતાવી ગામનું નામ રોશન કરતા હોય છે આવા જ એક યુવાને કબડીની રમતમાં ગોલ્ડ મેડલ મેળવી પોતાના ગામનું નામ રોશન કર્યું છે.



ડીસા તાલુકાના કાંટ ગામે રહેતા ચૌધરી કુશ બાબરાભાઈએ નેશનલ કક્ષાની કબ્બડી સ્પર્ધાની ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે જેમાં રાજસ્થાનના જયપુર મુકામે યોજાયેલ કબડીની સ્પર્ધામાં કુશ બાબરભાઈ ચૌધરીએ નેશનલ કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર ચૌધરી સમાજ અને કાંટ ગામનું ગૌરવ વધાર્યું તે બદલ ડીસા શહેર ચૌધરી સમાજના પ્રમુખ તેમજ સમગ્ર કારોબારી વતી ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા તેમજ આવનારા સમયમાં તેઓ ઈન્ટરનેશનલ કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેવા જવાના છે તેના માટે સમગ્ર સમાજ વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ તેમજ મા અર્બુદા તેમને વિજયી બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# કોરોનામાં વિકલાંગ બહેનો સ્વનિર્ભર જીવન જીવી શકે તેના માટે પ્રયાસ હાથ ધરાયા

ધનસુરા, તા. ૨

કોરોનામાં વિકલાંગ બહેનો સ્વનિર્ભર જીવન જીવી શકે તેવા ઉમદા આશયથી ધનસુરા તાલુકાના રમોસ, શીકા સહિત વિવિધ જગ્યાએ દૂધના સાધનો, ચાની કિટલી, કરિયાણાની કિટ, કટલરી સામાન વગેરે વિનામૂલ્ય વિતરણ કરી સ્વરોજગાર ઉભો કરવા ના પ્રયાસ હાથ ધરાયા હતા. ફિઝિકલી હેન્ડીકેપ્ડ બુટાલ અરવલ્લીના વિનોદભાઈ પટેલ સહિતના વ્યક્તિઓ ધ્વારા આ કાર્ય માટે પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું હતું. જ્યારે હજુ પણ ૧૮ થી ૩૫ વર્ષની વય ધરાવતી બહેનો આત્મનિર્ભર બને તે માટે તેમને અનુકુળ વ્યવસાયના સાધનો આપવામાં આવનાર હોઈ તે માટે ૯૮૭૯૫-૯૦૫૩૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.



### વધુ ૧૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિકરો અને ૭૪ વર્ષીય દાદીમાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રાયસણ ગામેથી ૨૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સરગાસણ ગામેથી ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. દહેગામ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી એક અને ગ્રામીણ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. દહેગામ અર્બનમાંથી ૩૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. હાથીજણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૫૬ વર્ષીય ખેડૂત અને ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. રખીયાલમાંથી પણ ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ તાલુકામાંથી પણ આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના સોજા ગામેથી ૮૦ વર્ષીય ગૃહીણી અને ૭૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૩૨ વર્ષીય ખાનગી નોકરી કરતો યુવાન તેમજ ૪૨ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૩૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૫૧ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૩,૭૪૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### રાજકીય ગરમાવો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચડેલા સત્તાધારી પક્ષે આ પ્રસ્તાવને બહુમતિથી પસાર કર્યો હતો. સામાન્ય સભાની કાર્યવાહી નોંધ મંજૂરી અર્થે વિકાસ કમિશનરને મોકલવામાં આવી હતી ત્યાં આ પ્રસ્તાવનો પ્રતિશેધ કરાયો છે અને આ સત્તા લાયક સભાને નથી તેમ સ્પષ્ટ જણાવાયુ છે. આ ઉપરાંત અધિકારીઓના ખાનગી અહેવાલ લખવાની સત્તા અંગે પણ કરાયેલ પ્રસ્તાવનો પ્રતિશેધ કરી આ સંદર્ભે જો કોઈ જવાબ રજુ કરવો હોય તો તે માટે આજની મુદત રાખવામાં આવી હતી. પંચાયતની સત્તાધારી પાર્ટીએ આજે આ અંગે લેખિત રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે. પંચાયત દ્વારા પસાર કરાયેલ પ્રસ્તાવોને પ્રતિશેધ કરવામાં આવતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ખાસ કરીને સી.આર. લખવાના મુદ્દે આ ગરમાવો વધારે જોવા મળી રહ્યો છે.

### સુધારણા ઝુંબેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. દરમ્યાન ચૂંટણી પંચે આ કામગીરી માટે રાજ્યના ૧૩ સિનીયર અધિકારીઓને નીરીક્ષક તરીકે નિમણુંક કરી છે. ગાંધીનગર માટે બેસ્ટ ઈલેકટ્રોલ ઓફિસર તરીકે રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ ગુજરાતનું ગૌરવ વધારનાર સુશ્રી અવંતિકાસિંઘ ઔલખની નિયુક્તી કરવામાં આવી છે. તેઓ આગામી સપ્તાહમાં જ જિલ્લાની મુલાકાતે આવે તેવી સંભાવનાઓ છે.

### ગાબડા પુરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંતરિક વિસ્તારમાં તેમજ રીગ રોડ પર ખાડા ટેકરા જોવા મળે છે. આ સમસ્યાથી વાહનચાલકો પણ પરેશાન છે. જેના લીધે સેકટરાના આંતરિક માર્ગો પર માર્ગ સલામતી પણ જોખમાઈ છે. શહેરના સેકટરોમાં રીંગ રોડ પર આડેધડ ખોદકામના લીધે સેકટરવાસીઓ માટે અનેક જોખમી સમસ્યાઓ ઉભી થઈ છે. વરસાદી દિવસોમાં પણ વાહનચાલકો માટી પોલાણ વચ્ચે ગાબડામાં ગરકાવ થઈ ગયા હોવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. જયારે ખોદકામના અંતે સેકટરાના માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરાના માર્ગો પર ખાડા ટેકરાની જોખમી સ્થિતિ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની હતી જયારે આ મામલે અનેકવાર રજુઆત પણ કરવામાં આવી હતી જેને અનુલક્ષીને તંત્ર દ્વારા સેકટરોમાં માર્ગો પર આ ભયજનક સ્થિતિ નિવારવા કામગીરી હાથ ધરવામાં આવી છે. સેકટરોના આંતરિક ક્રોસ રસ્તાઓ પાસે પણ જે સી બી થી ખોદીને માર્ગો પરના ખાડા દુર કરી સમથળ કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે.

### ડોઝ ખરીદ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વેક્સીનનું બુકિંગ સ્ટેટસ કંઈક આ રીતનું છે. અમેરિકામાં ૮૧ કરોડ ડોઝ કન્ફર્મ અને ૧.૬ અબજ ડોઝ માટે વાતચીત ચાલુ છે. ભારત માટે ૬૦ કરોડ ડોઝ કન્ફર્મ, અને ૧ અબજ ડોઝ માટે વાતચીત ચાલુ છે જ્યારે યુરોપિયન યુનિયનના ૪૦ કરોડ ડોઝ કન્ફર્મ અને ૧.૫૬૫ અબજ ડોઝ માટે વાટાઘાટ ચાલુ છે. જો વસતીની દ્રષ્ટિથી જોઈએ તો કેનેડાએ પોતાની વસતી કરતાં ૫ ગણા વધું ડોઝ બુક કરાવી દીધા છે. યુકેએ વસતીથી અંદાજે અઢી ગણી વધુ રસી ખરીદવાનો સોદો કરી રાખ્યો છે. અમેરિકાએ પોતાની વસતીના ૨૩૦%ને કવર કરવા માટે ઘણા ડોઝ બુક કરાવી રાખ્યા છે. રિસર્ચ સેન્ટરના આસિસ્ટન્ટ ડાયરેકટર આંદ્રિયા ટેલરના મતે એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે તેમાંથી થોડીક જ રસીની ખરીદી અસલમાં થઈ શકશે જે રેગ્યુલેટરની અપ્રૂવલ પર નિર્ભર કરશે.

### કોણ બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી જાણકારોનું કહેવું છે કે ગયા વખતની જેમ આ વખતે પણ સાઈલેન્ટ મતદારો જ કિંગ મેકર હશે. ત્યાં મતદાન માટે બે વિકલ્પ છે. એક તો મેલ અથવા ફરી અર્લી વોટિંગ બીજુ મતદાન કેન્દ્ર પર જઈને મત આપવો.અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા ભારતથી અલગ છે ત્યાં રાષ્ટ્રપતિની ચૂંટણી અપ્રત્યક્ષ રૂપથી હોય છે. અમેરિકી નાગરીક તે લોકોની પસંદગી કરે છે જે રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. અમેરિકામાં કુલ ૫૦ રાજયો છે.

### મોતનો ફતવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ અને લાલકૃષ્ણ અડવાણીની સુરક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓને પણ સતર્કતા સાથે મોનિટરિંગ કરી રહી છે. વાત એમ છે કે ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ ઈન્દિરા ગાંધીની હત્યા બાદ ૧ નવેમ્બર અને ૨ નવેમ્બરથી જ રાજધાનીમાં શીખ વિરોધી તોફાનોની શરૂઆત થઈ હતી, જેમાં અસંખ્ય શીખ ધર્મ સમુદાયના લોકોને તોફાનો દરમિયાન મારવામાં આવ્યા હતા. આજે પણ તે તોફાનોના નામ પર જસ્ટિસ ફોર શીખ સંસ્થાના વડા આતંકી ગુરપતવંત સિંહ પન્નૂ પંજાબ-દિલ્હીથી લઈને વિદેશમાં પણ ભારત વિરોધી ગતિવિધિઓને અંજામ આપી રહ્યા છે. દર વર્ષે શીખ તોફાનોની વરસી પર આતંકી પન્નૂ આવી જ ધમકીઓ આપતો રહે છે.

### WHO ચીફ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાલન કરીએ તે ખૂબ જ જરૂરી છે. જો આપણે નિયમોનું પાલન કરીશું તો જ સંક્રમણની ચેનને તોડી શકીશું, વાયરસના સંક્રમણને ફેલાતો રોકી શકીશું અને હેલ્થ સિસ્ટમને બચાવી શકીશું. નોંધનીય છે કે, દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૬૪૮૨૮૪૬ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૦૦૧૮૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૧૦૭૦૯૧૯ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે.

### બિનહરીફ ચૂંટાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આંકડો ૩૮ની પાસે પહોંચી ગયો છે, જ્યારે એનડીએની સંખ્યા ૧૧૧ થઈ ગઈ છે. તે બહુમતના આંકડાથી માત્ર ૧૦ સીટ દૂર છે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, અરૂણ સિંહ અને નીરજ શેખરનો કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂરો થઈ રહ્યો હતો. હવે આ ત્રણેય બિનહરીફ ચૂંટાયા છે. તો ચાર સાંસદ સપાના (સાંસદ ચંદ્રપાલ સિંહ યાદવ, રામ ગોપાલ યાદવ, રામ પ્રકાશ વર્મા અને જાવેદ અલી ખાન) છે, જ્યારે બસપાના બે સાંસદો રાજારામ અને વીર સિંહનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. તો કોંગ્રેસના પીએલ પુનિયાનો કાર્યકાળ પણ પૂરો થઈ રહ્યો છે. પરંતુ સપા અને બસપાના માત્ર ૧-૧ સાંસદ જ રાજ્યસભા પહોંચી શક્યા છે. તો કોંગ્રેસે ખાલી હાથ રહેવું પડ્યું છે.

### મંદિરમાં નમાજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેઓ પણ ભગવાન શ્રીકૃષ્ણ જેવા પ્રખ્યાત કવિ રસખાનાની સમાન ભગવાન કૃષ્ણમાં અગાધ શ્રદ્ધા ધરાવે છે અને તેને વશીભૂત થઈને બ્રજ ચૌરાસી કોસની યાત્રા કરી રહ્યા છે. યાત્રામાં પડતા તમામ તીર્થસ્થાનોના દર્શન પણ કરી રહ્યા છે. પોલીસ સ્ટેશનના પ્રભારીએ જણાવ્યું હતું કે તે નંદ ભવનમાં નંદલાલા અને નંદ બાબાના પણ દર્શન કર્યા. ત્યારબાદ જ્યારે ગોસ્વામીજન ઠાકુરજીને પોઢાડીને મંદિના પટ બંધ કરવા માટે અંદર જતા રહ્યા ત્યારે આ લોકોએ નમાજ પઢીને ફોટો લીધો અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધો. આની પહેલાં ધર્મ ચર્ચા દરમ્યાન તેમણે રામચરિત માનસની ચોપાઈઓ પણ વાંચની સંભળાવી. આઝાદ પાલસિંહે કહ્યું કે આ ઘટના રવિવારે મંદિરના સેવકોને માહિતી મળ્યા બાદ સ્થાનિક લોકોમાં આક્રોશ ફેલાવા લાગ્યો.

# વર્ષ-૨૦૨૧ની જાહેર રજાઓ

| ક્રમ | જાહેર રજાનું નામ | તારીખ | વાર |
|---|---|---|---|
| ૧ | મકરસંક્રાંતિ | ૧૪મી જાન્યુઆરી | ગુરૂવાર |
| ૨ | પ્રજાસત્તાક દિન | ૨૬મી જાન્યુઆરી | મંગળવાર |
| ૩ | મહાશિવરાત્રી | ૧૧મી માર્ચ | ગુરૂવાર |
| ૪ | ધુળેટી | ૨૯ મી માર્ચ | સોમવાર |
| ૫ | ગુડ ફ્રાઈડે | ૨જી એપ્રિલ | શુક્રવાર |
| ૬ | ચેટીચાંદ | ૧૩મી એપ્રિલ | મંગળવાર |
| ૭ | ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મદિવસ | ૧૪મી એપ્રિલ | મંગળવાર |
| ૮ | રામ નવમી | ૨૧મી એપ્રિલ | બુધવાર |
| ૯ | પરશુરામ જયંતિ રમઝાન ઈદ | ૧૪ મે | શુક્રવાર |
| ૧૦ | બકરી ઈદ | ૨૧ જુલાઈ | બુધવાર |
| ૧૧ | પારસી નૂતન વર્ષ | ૨૧મી જુલાઈ | સોમવાર |
| ૧૨ | મહોરમ | ૧૯મી ઓગષ્ટ | ગુરૂવાર |
| ૧૩ | જન્માષ્ટમી | ૩૦મી ઓગષ્ટ | સોમવાર |
| ૧૪ | સંવત્સરી | ૧૦મી સપ્ટેમ્બર | શુક્રવાર |
| ૧૫ | મહાત્મા ગાંધીનો જન્મદિવસ | ૨જી ઓક્ટોબર | શનિવાર |
| ૧૬ | દશેરા | ૧૫મી ઓક્ટોબર | શુક્રવાર |
| ૧૭ | ઈદ-એ-મિલાદુ-ન્નબી | ૧૯મી ઓક્ટોબર | મંગળવાર |
| ૧૮ | દિવાળી | ૪થી નવેમ્બર | ગુરૂવાર |
| ૧૯ | નૂતન વર્ષ | ૫મી નવેમ્બર | શુક્રવાર |
| ૨૦ | ભાઈબીજ | ૬ઠ્ઠી નવેમ્બર | શનિવાર |
| ૨૧ | ગુરૂનાનક જયંતી | ૧૯મી નવેમ્બર | શુક્રવાર |
| ૨૨ | નાતાલ | ૨૫મી ડિસેમ્બર | શનિવાર |

**● નોંધ :- નીચેની રજા રવિવારે આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી**

| | | | |
|---|---|---|---|
| ૧ | મહાવીર જન્મ કલ્યાણક | ૨૫મી એપ્રિલ | રવિવાર |
| ૨ | સ્વાતંત્ર્ય દિન | ૧૫મી ઓગષ્ટ | રવિવાર |
| ૩ | રક્ષાબંધન | ૨૨મી ઓગષ્ટ | રવિવાર |
| ૪ | સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન | ૩૧મી ઓક્ટોબર | રવિવાર |